2023

Sample Paper

Gujarat Board

aglasem.com

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

(13) ગુજરાતી (SL)

ધોરણ-9 **પ્રશ્નબેંક–4 (ડિસેમ્બર 2022)** તા. 07-12-2022

નીચે આપેલી પ્રશ્નબેંકમાંથી સૂચના મુજબ કુલ 25 ગુણની કસોટી તૈયાર કરી શાળાએ પોતાની રીતે કસોટી લેવાની રહેશે.

વિભાગ – A

- **નીચેના પ્રશ્નોના એક એક વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે છ પ્રશ્નો પૂછવા)** [06]

(1) મગનને પગ નીચેની જમીન સરી જતી કેમ લાગી ?

(2) 'મારી જમીનમાં સોનાનો સૂરજ' વાક્યનો અર્થ શોધો.

(3) 'તો જાણું' કૃતિના કવિનું નામ જણાવો.

(4) ગોપી કઈ વાત ઘરે ઘરે જઈને વખાણવા માંગે છે ?

(5) 'ઘડવૈયા' કૃતિ કયા પુસ્તકમાંથી લેવામાં આવી છે ?

(6) કરુણાશંકર માસ્તરની શાળામાં કેવાં કાર્યક્રમો થતા હતા ?

(7) 'મારું તારું' કૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.

(8) કવિ મારા-તારાને બદલે શું કરવા માંગે છે ?

(9) ..... કેડી પર ગાગર લઈને અમે, આવતાં જતાંને સ્મિત દેતાં.

(10) ખેડા જિલ્લાનું ..... ગામ. માસ્તર કરુણાશંકર નામ.

(11) હસિયે રમિયે મીઠું લાગે, થૂ આંસુ તો લાગે ..... !

(12) ગોપી ..... રસ્તા ઉપર ચાલીને ગાગર ભરવા જતી.

(13) રામશંકરના દીકરા .....નાં ખેતરોમાં પાક નિષ્ફળ ગયો.

(14) 'આ જમીન તારી છે એનો કોઈ આધાર, કોઈ લખાણ છે તારી પાસે ?' આ વિધાન કોણ બોલે છે ?

(15) 'અમારાથી આપનું કોઈ અહિત થયું છે ?' આ વિધાન કોણ બોલે છે ?

(16) કરુણાશંકર માસ્તરનો માસિક પગાર કેટલો હતો ?

(17) કવિ વારંવાર હારવા માગે છે કારણ કે .....

docs.aglasem.com

aglasem.com

(18) 'ઘડવૈયા' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

(19) કરુણાશંકરે આખો પગાર ભવાયાને આપી દીધા પછી શું કર્યું ?

(20) 'મારું તારું !' કાવ્યમાં કવિએ કઈ ભાવના વ્યક્ત કરી છે ?

(21) કરુણાશંકર માસ્તર કેમ ઉદાસ બની ગયા ?

(22) શ્રીકૃષ્ણે પહાડ ઊંચક્યો હતો તે હકીકત સ્વીકારવા ગોપી કઈ શરત રાખે છે ?

(23) 'તો જાણું' કાવ્યમાં કોના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થયો છે ?

વિભાગ – B

- **નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ પ્રશ્નો પૂછવા)** **[06]**

(1) સ્વજનોએ મોહનને કઈ સલાહ આપી ?

(2) શ્રીકૃષ્ણને ઉદ્દેશી ગોપી શું કહે છે ?

(3) ગામલોકો આજે પણ કરુણાશંકર માસ્તરને કેમ ભૂલ્યા ન હતા ?

(4) કવિ પોતાની હાર પર પણ કેમ ખુશ થાય છે ?

(5) મગને દસ્તાવેજમાં સહી કેમ કરી આપી ?

(6) ગોપી પોતાનાં કયાં કયાં કાર્યોની વાત કરે છે ?

(7) કરુણાશંકર માસ્તરે ભવાયાની રમત શા માટે બંધ રખાવી ?

(8) કવિ શા માટે અબોલા કરતા નથી ?

(9) 'મારું-તારું' કાવ્યમાં સહિયારાપણાની ભાવના દ્વારા કવિ શું પ્રગટાવવા માંગે છે ?

(10) રમકડાંનો આનંદ કેવી રીતે લેવો જોઈએ ?

(11) 'ફરી ફરી નહિ આવે ટાણું' એમ ગોપી શા માટે કહે છે ?

(12) 'હું રામશંકરનો દીકરો છું' આ વિધાન દ્વારા મોહન શું કહેવા માગે છે ?

વિભાગ – C

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો : (કોઈ પણ એક પ્રશ્ન પૂછવો)** **[04]**

(1) 'વારસાગત' શીર્ષકની યથાર્થતા વર્ણવો.

(2) 'તો જાણું' કાવ્યનું રસદર્શન કરાવો.

(3) કરુણાશંકર માસ્તરનું પાત્રાલેખન કરો.

(4) કવિ મારા-તારાનો ભેદભાવ ટાળવા કયો માર્ગ બતાવે છે ?

docs.aglasem.com

aglasem.com

વિભાગ – D

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : (દરેક વિભાગમાંથી એક-એક પ્રશ્ન પૂછવો)** **[04]**

(1) નીચેના વાક્યોમાંથી અનુગ શોધો.

(1) મોહને મગનને ખભે હાથ મૂક્યો.

(2) હું તો વહેતી ગંગાને અહીં લાવું.

(3) હું જૂનાગઢથી સાસણ પહોંચ્યો.

(4) છોકરો ભણવામાં હોશિયાર છે.

(2) નીચેના વાક્યોમાંથી નામાયોગી શોધો.

(1) મગનને પગ નીચેની જમીન સરી જતી લાગી.

(2) પરંતુ પાકું લખાણ થાય એ પહેલાં જ રામશંકરે દેહ છોડ્યો.

(3) હું તેમની સાથે તેમના ઘરે પહોંચી.

(4) છોકરો મમ્મી પાસે ગયો.

(3) નીચેની સંધિ છોડો :

(1) સત્યાગ્રહ

(2) ચિંતાતુર

(3) સૂક્તિ

(4) સિંધૂર્મિ

(4) નીચેના વાક્યોમાંથી વિશેષણ શોધો.

(1) આ શાળાના મુખ્ય દાતા ખૂબ જ ભલા અને સજ્જન છે.

(2) મારો ઉતારો પહેલા માળે હતો.

(3) એક તરફ મોટો કોઠાર હતો.

(4) મને મારાં બા યાદ આવી ગયાં.

docs.aglasem.com

aglasem.com

વિભાગ – E

- **નીચે આપેલા વિષયો પર પત્રલેખન કરો : (કોઈ પણ એક પત્ર પૂછવો)** **[05]**

(1) તમારો મિત્ર ભણવામાં હોશિયાર છે, પરંતુ શરીરે નબળો છે. તેનું સ્વાસ્થ્ય સુધારવાની સલાહ આપતો પત્ર લખો.

(2) તમારી સોસાયટીમાં ફેલાયેલી ગંદકી દૂર કરવા બાબતે આરોગ્ય અધિકારી, વડોદરા મહાનગર સેવા સદનને પત્ર લખો.

(3) તમારા મિત્રના પિતાજીનું અવસાન થયું છે. તેને સાંત્વના આપતો પત્ર લખો.

(4) જીવનમાં વૃક્ષોનું મહત્ત્વ સમજાવતો પત્ર તમારા મિત્રને લખો.

અથવા

- **નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો :** **[05]**

(1) શ્રમનું મહત્ત્વ / પરિશ્રમ એ જ પારસમણિ

(2) આદર્શ વિદ્યાર્થી

(3) આપણા ઘડવૈયા

docs.aglasem.com

aglasem.com

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

(01) ગુજરાતી (FL)

ધોરણ-9 **પ્રશ્નબેંક–4 (ડિસેમ્બર 2022)** તા. 07/12/2022

- પ્રશ્નપત્રમાં કુલ ચાર વિભાગ છે.
- દરેક વિભાગમાં આપેલ સૂચના મુજબ તેમજ જમણી બાજુએ લખેલા ગુણભાર જળવાઈ રહે તે પ્રમાણે પ્રશ્નોની સંખ્યા પસંદ કરવી.
- પ્રશ્નપત્ર પ્રશ્નબેંકમાંથી જ તૈયાર કરવાનું રહેશે. સઘળું પ્રશ્નપત્ર એક જ યુનિટમાંથી તૈયાર ન કરતાં માસવાર આયોજનના એકમો ધ્યાને રાખી પ્રશ્નો પસંદ કરવાના રહેશે.

સૂચનાઓ :

1. વિભાગ-Aના (ક)માંના જોડકાંની કોઈ એક જોડ પસંદ કરવી. દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
2. વિભાગ-Aના (ખ)માંના આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નો પસંદ કરવા. દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
3. વિભાગ-Bના (ક)માં આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નો પસંદ કરવા. દરેક પ્રશ્નના બે ગુણ રહેશે.
4. વિભાગ-Bના (ખ)માં આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્ન પસંદ કરવો. તે પ્રશ્નના ત્રણ ગુણ રહેશે.
5. વિભાગ-C વ્યાકરણ વિભાગ છે. આપેલ પ્રશ્નો પૈકી કોઈ પણ છ પ્રશ્નો પસંદ કરવાના રહેશે. દરેકનો એક ગુણ રહેશે.
6. વિભાગ-Dના (ક) વિભાગમાં આપેલ નિબંધ પૈકી કોઈ એક નિબંધ પસંદ કરવો અથવા કોઈ એક પદ્યાર્થગ્રહણ પસંદ કરવું. જેના ચાર ગુણ રહેશે.
7. વિભાગ-Dના (ખ) વિભાગમાં આપેલ વિચાર-વિસ્તાર પૈકી કોઈ એક વિચાર-વિસ્તાર પસંદ કરવો. જેના ત્રણ ગુણ રહેશે.

docs.aglasem.com
aglasem.com

- **નીચે આપેલી પ્રશ્નબેંકમાંથી સૂચના મુજબ કુલ 25 ગુણની કસોટી તૈયાર કરી શાળાએ પોતાની રીતે કસોટી લેવાની રહેશે.**

વિભાગ – A

(ક) નીચે આપેલા 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે યોગ્ય રીતે જોડો : (કોઈ પણ ત્રણ) **[03]**

[1] [અ] કૃતિ [બ] સર્જક

(1) મરજીવિયા	(1) અમૃત ઘાયલ
(2) રસ્તો કરી જવાના	(2) ઈસ્માઈલભાઈ નાગોરી
(3) વાડી પરના વ્હાલાં	(3) પૂજાલાલ
	(4) ગોવર્ધન ત્રિપાઠી

[2] [અ] કૃતિ [બ] સાહિત્ય પ્રકાર

(1) સખી માર્કંડી	(1) ગઝલ
(2) રસ્તો કરી જવાના	(2) લેખ
(3) વાડી પરના વ્હાલાં	(3) પ્રવાસ નિબંધ
	(4) નવલિકા

[3] [અ] સર્જક	**[બ] કૃતિ**
(1) ઈસ્માઈલભાઈ નાગોરી	(1) શૂળ અને શમણાં
(2) અમૃત ઘાયલ	(2) આંગણાનો બગીચો
(3) પૂજાલાલ	(3) ગુર્જરી
	(4) સરસ્વતીચંદ્ર

[4] [અ]	**[બ]**
(1) સોનેટ	(1) સવાઈ ગુજરાતી
(2) સખી માર્કંડી	(2) ઘાયલ
(3) અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ	(3) 14 પંક્તિનું કાવ્ય
(4) કાકા કાલેલકર	(4) મૃકંડુ ઋષિ
	(5) 12 પંક્તિનું કાવ્ય

(ખ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો : (કોઈ પણ બે) **[02]**

(1) મરજીવિયા દરિયામાંથી શું શોધી લાવે છે ?

(2) અટંક મરજીવિયા કેવા પ્રકારનાં ડગ ભરે છે ?

(3) સમુદ્રમાં મોતી લેવા માટે જતી વ્યક્તિઓ કયા નામે ઓળખાય છે ?

docs.aglasem.com

aglasem.com

(4) મહાદેવે મૃકંડુ ઋષિને વરદાનમાં કેવું બાળક આપવા કહ્યું છે ?

(5) માર્કંડી લેખકને શું આપતી હતી ?

(6) માર્કંડી વૈજનાથના ડુંગરમાંથી આવે છે' – એવું કોણ કહે છે ?

(7) 'દુનિયાથી દિલના ચાર છેડા ભરી જવાના' – દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

(8) કવિ પોતાનું જીવન કઈ રીતે પૂર્ણ કરવા ઇચ્છે છે ?

(9) 'રસ્તો કરી જવાના' – કાવ્યમાં કવિના દુઃખ માત્રની દવા કઈ છે ?

(10) કવિના મતે બાળકોની નજરમાં શું આવી જાય છે ?

(11) નવરાશના ગાળાના દિવસો ખાસ કરીને ક્યારે આવી જાય છે ?

(12) વાડીમાં ક્યારેક-ક્યારેક કયા પ્રાણીઓના દર્શન થઈ જાય છે ?

વિભાગ – B

(ક) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો : (કોઈ પણ બે) **[04]**

(1) મોતીરૂપી ફળ ક્યારે મળે છે ?

(2) મરજીવિયાને પ્રિયજનોએ કઈ શિખામણ આપી હતી ?

(3) લેખક ખેતરમાં ઊમરાંનાં ઝાડ નીચે છાંયડામાં શું અનુભવે છે ?

(4) માર્કંડેય જેમ-જેમ મોટો થતો જાય છે તેમ-તેમ મા-બાપને શી ચિંતા થાય છે ?

(5) માર્કંડીમાં કાંઈ અસાધારણ અદ્‌ભૂત એવું કશું નથી તેમ છતાં લેખકને શા માટે ગમે છે ?

(6) 'રસ્તો કરી જવાના' ગઝલનું કેન્દ્રબિંદુ શું છે ?

(7) રસ્તો કરવો – શબ્દથી કવિને કયો અર્થ અભિપ્રેત છે ?

(8) અવિરામ દીપકનાં ઉદાહણ દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

(9) વાડીની લીલી દુનિયામાં કેટકેટલાં જગત હોય છે ?

(10) ચોમાસાનાં નવરાશના દિવસોમાં લોકો કઈ રીતે આનંદ મેળવે છે ?

(11) ઝડપથી પતાવવાનાં કેવાં-કેવાં કામ માટે લોકો એકબીજાને ત્યાં જાય છે ?

(12) ગામ કરતાં વાડીમાં કયા-કયા પ્રસંગો વધુ દીપી ઊઠે છે ?

(13) વાડીમાં કેવા-કેવા પ્રકારના જલસા થતા હોય છે ?

(ખ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો : (કોઈ પણ એક) **[03]**

(1) 'મરજીવિયા' કાવ્યમાં વ્યક્ત થતો જીવન જીવવાનો ઉદ્દેશ્ય તમારા શબ્દોમાં લખો.

(2) મરજીવિયાની સફળતા પાછળનું રહસ્ય તમારા શબ્દોમાં જણાવો.

(3) 'મરજીવિયા' કાવ્યમાં કેવા પ્રકારના સાહસનું કવિએ નિદર્શન કર્યું છે ?

(4) માર્કંડી સાથેનો લેખકનો સહવાસ તમારા શબ્દોમાં વર્ણવો.

docs.aglasem.com

aglasem.com

(5) માર્કંડેય ઋષિની કથા તમારા શબ્દોમાં આલેખો.

(6) 'સખી માર્કંડી' નિબંધમાં દર્શાવેલ નદીઓનું અલગ-અલગ સ્વરૂપ વર્ણવો.

(7) 'રસ્તો કરી જવાનાં'કાવ્યમાં જોવા મળતી કવિની ખુમારી તમારા શબ્દોમાં આલેખો.

(8) 'રસ્તો કરી જવાનાં'કાવ્યમાં કવિ દિલમાં શું ભરી જવા ઇચ્છે છે ?

(9) વાડીના જલસા તમારા શબ્દોમાં આલેખો.

(10) વાડી પર નભનારા માણસોના જીવનમાં વાડી કેવી રીતે ઓતપ્રોત થયેલી હોય છે ?

(11) 'રસ્તો કરી જવાના' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

વિભાગ – C (વ્યાકરણ)

(ક) માગ્યા પ્રમાણે ઉત્તર આપો : (કોઈ પણ છ) **[06]**

[1] નીચેના શબ્દોની સાચી જોડણી (કૌંસમાંથી) શોધીને લખો :

(1) મરજિવિયા (મરજિવીયા, મરજીવીયા, મરજીવિયા)

(2) શિવલીંગ (શિવલિંગ, શીવલિંગ, શિવલીંગ)

(3) પરિસ્થિતિ (પરીસ્થિતી, પરિસ્થીતિ, પરિસ્થિતી)

(4) ચિરસ્મરણિય (ચીરસ્મરણીય, ચિરસ્મરણીય, ચીરસ્મરનીય)

(5) ગોરખોદીયું (ઘોરખોદીયુ, ગોરખોદીયું, ઘોરખોદિયુ)

(6) સિન્ધૂ (સિંધુ, સિંધૂ, સીન્ધુ)

[2] નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :

(1) ઉત્સાહ X

(2) વિકરાલ X

(3) ઇચ્છા X

(4) પ્રગટ X

(5) સ્મિત X

(6) વિકાસ X

[3] નીચે આપેલા શબ્દો રહેલો પ્રત્યય શોધીને લખો :

(1) અસાધારણ

(2) સહવાસ

(3) સુકુમાર

(4) ગંભીરતા

(5) ધનવાન

(6) વણથંભી

docs.aglasem.com

aglasem.com

[4] નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :

(1) આંસુ ભરેલી આંખો

(2) કુળનો ઉદ્ધાર કરનાર

(3) હંમેશાં યાદ રહે તેવું

(4) પ્રત્યક્ષ પદાર્થ દ્વારા ગ્રહણ

(5) ખૂટે નહિ એવું

(6) ગતિ કરતો સમૂહ

[5] નીચે આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દ (કૌંશમાંથી) શોધીને લખો :

(1) સંગ્રામ (શરત, યુદ્ધ, સંધિ)

(2) ટિખળ (મજાક, આનંદ, ટીપ્પણી)

(3) હર્ષ (આનંદ, મજાક, સુખ)

(4) સમુદ્ર (સિન્ધુ, સરીતા, માર્કંડી)

(5) પ્રપાત (પુણ્ય, પાપ, ધોધ)

(6) અફાટ (અપાર, ફટાફટ, ફાટેલું)

[6] નીચે આપેલા તળપદા શબ્દ માટે એક શબ્દ આપો :

(1) માંજર

(2) જડે

(3) ખોળિયુ

(4) બચલાં

(5) કાળોતરો

[7] નીચે આપેલા શબ્દની સાચી સંધિ જોડો :

(1) પ્રતિ + અક્ષ

(2) વિ + અર્થ

(3) પરિ + આવરણ

(4) તપસ + ચર્યા

(5) કુલ + ઉદ્ધારક

(6) સમ્ + તોષ

docs.aglasem.com

aglasem.com

[8] નીચેના રૂઢિપ્રયોગનો અર્થ સમજાવો :

(1) માનવતા જાગી ઊઠવી

(2) માર્ગ કાઢવો

(3) ફૂદી પડવું

(4) નજરે ચડવું

(5) કમર કસવી

(6) આયુધારા વહેવી

[9] નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો અર્થ જણાવો :

(1) રૂપાળા પથરાયે નથી.

(2) માર્કંડી તો મારી નાનપણની સખી છે.

(3) સો વર્ષ જીવનાર મૂઢ.

(4) તે છોકરી હોંશિયાર છે.

(5) પાંચ માણસો ભેગા કામ કરતાં હોય છે.

(6) દુનિયાથી દિલના ચારે છેડા ભેગા કરી જવાના.

[10] નીચેના વાક્યોમાંથી રવાનુકારી શબ્દ શોધો :

(1) દીવાળીમાં આખુ નગર ઝળહળ થતું હતું.

(2) મુન્ની આટલી નાની છે પણ એને પાણીપુરી ભાવે તીખી તમતમ.

(3) ભોગીલાલ પરસેવે રેબઝેબ દોડતો આવ્યો.

(4) ચૈતર, ચંપો, મ્હોરિયો ને મ્હોરી આંબાડાળ,
મધમધ મ્હોર્યા મોગરા, મે ગૂંથી ફૂલન માળા.

(5) બંદૂકમાંથી સનનન કરતી ગોળી છૂટી.

(6) કકળાટ કરશો તો એ મૂંઝાઈ જશે.

વિભાગ – D

(ક) નીચે આપેલા આપેલા પૈકી કોઈ પણ એક વિષય પર આશરે 150 શબ્દોમાં નિબંધ લખો : [04]

(1) પ્રવાસનું જીવનઘડતરમાં સ્થાન

(મુદ્દા : પ્રસ્તાવના – પ્રત્યક્ષ જ્ઞાન – પ્રવાસના વિવિધ અનુભવો – પ્રવાસના ફાયદા –
સામૂહિક જીવનનો અનુભવ – ઉપસંહાર)

(2) માતૃપ્રેમ

(મુદ્દા : પ્રસ્તાવના – ધરતી પરનું અમૃત – પશુ-પંખીઓમાં માતૃપ્રેમના દ્રષ્ટાંતો –
માતાનું વાત્સલ્ય- માતાની અમૂલ્ય મૂડી – ઉપસંહાર)

docs.aglasem.com

aglasem.com

(3) મારો પ્રિય તહેવાર

(મુદ્દા : પ્રસ્તાવના – ધાર્મિક મહત્વ – ઉજવણી – તહેવાર પ્રિય હોવાનું કારણ – ઉપસંહાર)

(4) હાય રે ! કોરોના મહામારી

(મુદ્દા : પ્રસ્તાવના – વિશ્વના દેશોની સ્થિતિ – બેજવાબદારી – શહેરથી ગામડા સુધી સંક્રમણ – બચવાના ઉપાય – સરકારશ્રીના પ્રયત્નો – કોરોના વોરિયર્સની કામગીરી – સામાજિક જાગૃતિ – સાવચેતી – ઉપસંહાર)

(5) પ્રકૃતિને ખોળે એક કલાક

(મુદ્રા : પ્રસ્તાવના – પ્રકૃતિનો અનુભવ – કુદરતની કારીગરીનો આહલાદક ચિતાર – પશુ-પક્ષી સૃષ્ટિનો પરિચય – ઉપસંહાર)

અથવા

(ક) નીચે આપેલું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાલ લખો : (કોઈપણ એક) **[04]**

(1) તારી જો હાક સુણી કોઈ ના આવે,

તો એકલો જાને રે !

એકલો જા ને, એકલો જા ને,

એકલો જા ને રે ! – તારી જો.

જ્યારે સૌનાં મોં સિવાય

ઓ રે, ઓ રે, ઓ અભાગી ! સૌના મોં સિવાય !

જ્યારે સૌએ બેસે મોં ફેરવી,

સૌએ ડરી જાયઃ

ત્યારે હૈયું ખોલી-

અરે તુ મન મૂકી

તારા મનનું ગાણુ એકલો ગાને રે ! – તારી જો.

જો સૌએ પાછાં જાય,

ઓ રે, ઓ રે, ઓ અભાગી !

સૌનાં મોં સિવાય !

પ્રશ્નો :(1) તારી હાક સૂણી જો કોઈ ના આવે તો તું શું કરીશ ?

(2) જ્યારે બધા મોં ફેરવી લે ત્યારે કવિ શું કરવાનું કહે છે ?

(3) મનનું ગાણું કેવી રીતે ગાવાનું છે ?

(4) આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

docs.aglasem.com

aglasem.com

(2) રચો રચો, અંબર ચુંબી મંદિરો,
ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા !
મઢો સ્ફટિકે, લટકાવો ઝુમ્મરો,
રંગે ઉડાવો જળના ફુવારા !
રચો, રચો ચંદન વાટિકાઓ,
ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો,
ને કૈક ક્રિડાંગણ ચંદ્રશાળા,
રચો ભલે ! અંતર રૂંધતી શિલા,
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ?
દરિદ્રની એ ઉપહારલીલા
સંકેલવા, કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાંઘશે !

- ઉમાશંકર જોશી

પ્રશ્નો :(1) આ કાવ્ય કોને ઉદ્દેશીને લખાયું છે ?
(2) શ્રીમંતો શું બનાવડાવે છે ?
(3) કોનો જઠરાગ્નિ જાગશે ?
(4) આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(3) ઘર તમે કોને કહો છો ?
જ્યાં ટપાલી પત્ર લાવે,
શોધતા-વણશોધતા મિત્રો
અને મહેમાન જ્યાં આવી ચડે,
ક્યારેક તો આવી પડે;
જેનું બધાને ઠામઠેકાણું તમે આપી શકો
તેને તમે શું ઘર કહો છો ?
તો પછી જ્યાં-જ્યાં તમે પગથી ઉતારીને પગરખાં,
ભાર-ટોપીનોચ્ચે-માથેથી ઉતારીને,
અને આ હાથ બે ફોળાં કરીને 'હાશ' કહો:
જ્યાં સર્વના મુખ જોઈ તમને સ્હેજમાં મલકી ઊઠે.
ત્યાં-ત્યાં બધે કહો શું તમારું ઘર નથી.
તે ઘર તમે કોને કહો છો ?

- નિરંજન ભગત

docs.aglasem.com
aglasem.com

પ્રશ્નો :(1) સામાન્ય રીતે ઘર કોને કહેવાય છે ?

(2) કવિના મત મુજબ સાચું ઘર કેવું હોય ?

(3) સાચા ઘરમાં આપણને કેવી અનુભૂતિ થાય છે ?

(4) આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(4) "કામ કરે ઈ જીતે રે માલમ !

કામ કરે ઈ જીતે,

આવડો મોટો મલક આપણો

બદલે બીજી કઈ રીતે ? રે માલમ.

ખેતર ખેડીને કરો સીમ સોહામણી

બાંધો રે નદીયુંનાં નીર;

માગે છે દેશ આજ મહેનત મજિયારી,

હૈયાનાં માગે ખમીર, રે માલમ.

લિયો ત્રિકમ, ભાઈ ! લિયો કોદાળીને

ઘર ઘર ગૂંજો ચરખે;

બાવડાંને જોરે આ દુનિયા બદલવી

નજરું હોઈ ઈ નીરખે, રે માલમ."

પ્રશ્નો :(1) દેશ આપણી પાસે શું માગી રહ્યો છે ?

(2) આ દેશને કઈ રીતે બદલી શકાય ?

(3) દુનિયાને કઈ રીતે બદલી શકાશે ?

(4) આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(ખ) નીચે આપેલ પંક્તિઓનો આસરે દસ-બાર વાક્યોમાં અર્થવિસ્તાર કરો : (કોઈપણ એક) **[04]**

(1) ગત સંપત તે સાંપડે ગયાં વળે છે વહાણ,

ગત અવસર આવે નહીં, ગયા ન આવે પ્રાણ.

(2) પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું છે.

(3) 'રસ્તો નહિ જડે તો રસ્તો કરી જવાના,

થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના.

(4) સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ;

ખીજ્યું કરડે પિંડીએ, રીઝ્યું ચાટે મુખ !

(5) 'છે ગરીબોના ફૂબામાં તેલ ટીપું દોહ્યલું,

ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.

docs.aglasem.com

aglasem.com

અથવા

(ખ) કોઈ પણ એક વિષય પર પત્રલેખન કરો : **[03]**

(1) તમારા મોટાભાઈને જન્મદિવસની શુભેચ્છા પાઠવતો પત્ર લખો.

(2) તમારી શાળામાં થયેલી વિશ્વપર્યાવરણ દિવસની ઉજવણી વિશે તમારા નાનાભાઈને પત્ર લખો.

(3) 'સ્વચ્છ ભારત મિશન' કાર્યક્રમ ચરિતાર્થ કરવા કયા ઉપાયો યોજી શકાય તેની જાણ કરતો પત્ર તમારા મિત્રને લખો.

(4) તમારા નાનાભાઈને એસ.એસ.સી.ની પરીક્ષા માટે શુભેચ્છા આપતો પત્ર લખો.

(5) તમે બીમાર હોવાથી ત્રણ દિવસ શાળામાં જઈ શકો તેમ નથી તેની રજા મેળવવા માટે તમારા વર્ગશિક્ષકને વિનંતીપત્ર લખો.

docs.aglasem.com

aglasem.com